# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/082 Dt. 02/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ‘યુપી ઇન્ટરનેશનલ ટ્રેડ શો’ માટે IMC, મુંબઇ ખાતે રોડ શો યોજાયો

## ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સુરત ખાતે રોડ શોનું સૂચન કર્યું

**સુરતઃ** ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા આગામી તા. ૨૫થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમ્યાન ગ્રેટર નોઇડા ખાતે ‘યુપી ઇન્ટરનેશનલ ટ્રેડ શો’નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રેડ શોના પ્રમોશન હેતુ તા. ૨૫ જુલાઇ ૨૦૨૫ના રોજ ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર, મુંબઇ ખાતે રોડ શો યોજાયો હતો, જેમાં ઉત્તર પ્રદેશ સરકારના એમએસએમઇ, ખાદી, વિલેજ ઇન્ડસ્ટ્રીઝ અને ટેક્ષ્ટાઇલના કેબિનેટ મંત્રી શ્રી રાકેશ સાચન તથા ઉદ્યોગ કમિશનર શ્રી કે. વિજયેન્દ્ર પાંડિયન (IAS) ઉપસ્થિત રહયા હતા. આ મિટીંગમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ અને સુરતના વેપારીઓ ઉપસ્થિત રહયા હતા.

ઉત્તર પ્રદેશ સરકારના એમએસએમઇ, ખાદી, વિલેજ ઇન્ડસ્ટ્રીઝ અને ટેક્ષ્ટાઇલના કેબિનેટ મંત્રી શ્રી રાકેશ સાચને મહારાષ્ટ્ર તથા ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને ‘યુપી ઇન્ટરનેશનલ ટ્રેડ શો’માં ભાગ લેવા માટે તેમજ તેની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું. સાથે જ ઉત્તર પ્રદેશમાં વિવિધ ઉદ્યોગ – ધંધાઓમાં રોકાણ કરવા માટે અનુરોધ પણ કર્યો હતો.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ ‘યુપી ઇન્ટરનેશનલ ટ્રેડ શો’ના પ્રમોશન માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનો લોગો સપોર્ટ આપી આ ટ્રેડ શોની સફળતા માટે સહકાર આપવાની ખાત્રી

આપી હતી. સાથે જ સુરતમાં ચેમ્બર ઓફ કોમર્સ ખાતે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓની હાજરીમાં આ ટ્રેડ શોના પ્રમોશન માટે રોડ શો કરવામાં આવે તેવું સૂચન પણ કર્યું હતું.

SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટે જણાવ્યું હતું કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે તા. ૨૩, ૨૪ અને ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન SGCCI ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે, આથી આ એક્ષ્પો દરમ્યાન 'યુપી ઇન્ટરનેશનલ ટ્રેડ શો'નું પ્રમોશન કરી શકાશે.